## ઈ.એસ.ઓ.એલ. ESOL ના અભ્યાસક્રમો સપ્ટેમ્બર 2007 – અગત્યની માહિતી

જો તમે ઈ.એસ.ઓ.એલ.ના અભ્યાસક્રમમાં જોડાવા માગતાં હો, તો તે માટે અરજી કેવી રીતે કરવી તે જાણવા માટે તમારા નજીકના સેન્ટર અથવા તમારી કોલેજને તમારે ફોન કરવાનો કે તેમને રૂબરૂ મળવા જવાનું જ રહેશે.

ઈ.એસ.ઓ.એલ.ના અભ્યાસક્રમો ઘણા જ પ્રચલિત હોય છે આથી તમારે કદાચ વેઈટિંગ લિસ્ટ પર તમારું નામ લખાવવું પડે.

### તેમાં કેટલો ખર્ચ થશે?

**જો તમને (અથવા તમારા પતિ કે પત્નીને) નીચેનામાંથી કોઈ બેનિફિટ મળતો હોય તો ઈ.એસ.ઓ.એલ.ના વર્ગો <u>મફત</u> મળી શકે છેઃ**

જોબસીકર્સ અલાવન્સ (જે.એસ.એ.)
કાઉન્સિલ ટેક્સ બેનિફિટ
હાઉસિંગ બેનિફિટ
ઈન્કમ સપોર્ટ
વર્કિંગ ટેક્સ ક્રેડિટ (અને £15,050 કરતાં ઓછું કમાતાં હો)
પેન્શન્સ ક્રેડિટ (ફક્ત ગેરંટી ક્રેડિટ)

**અથવા જો તમે ઉપરનો કોઈ બેનિફિટ મેળવતી વ્યક્તિ પર નિર્ભર હો અને કમાતાં ન હો**
**અથવા જો તમે ‘કમ્યૂનિટી ઓફેન્ડર’ (પ્રોબેશન સર્વિસ વિભાગની દેખરેખ હેઠળ સમાજમાં રહેતાં ગુનેગાર) હો**
**અથવા તમે 16 - 18 વર્ષનાં હો**

તમને કયો બેનિફિટ મળે છે તે બતાવતા દસ્તાવેજો તમારે સાથે લાવવાના રહેશે.

**જો તમે નોકરી કરતાં હો તો આ વર્ગોમાં જવાનો તમને કેટલો ખર્ચ થશે તે તમારી નજીકની કોલેજ તમને કહી શકશે**

જો તમને બેનિફિટો ન મળતા હોય અને તમે કામ ન કરતાં હો,
**અથવા**
જો તમે વર્ષના £15,050 કરતાં ઓછું કમાતાં હો, તો તમારી ફી અંગે તમારી સ્થાનિક કોલેજ કદાચ તમારી મદદ કરી શકશે.

કૃપા કરીને આ બતાવવા માટે તમારી પાસે જે દસ્તાવેજો હોય તે લઈ આવોઃ
દા.ત. પગાર સ્લિપો, P60s, બીજા ટેક્સના ફોર્મ્સ

**જો તમે બેનિફિટો માટે અરજી કરવા માગતાં હો તોઃ**

- તમારી સ્થાનિક જોબસેન્ટર પ્લસ ઓફિસમાં જાવ

નેશનલ ઈન્શ્યોરન્સ નંબરની અરજી કરવા માટે 0845 600 0643 પર ફોન કરો અથવા તમારી સ્થાનિક જોબસેન્ટર પ્લસ ઓફિસમાં જાવ.

## અગત્યની માહિતી - કોલેજના અભ્યાસક્રમો માટેની યોગ્યતા

વધારે વિગતો માટે કોલેજનો સંપર્ક કરો

કેટલાક અભ્યાસક્રમો 'ફૂલ કોસ્ટ' હોય છે એટલે કે તમારે તેનો બધો જ ખર્ચ ચૂકવવો પડે છે.

અમારા બીજા બધા અભ્યાસક્રમો માટે લર્નિંગ એન્ડ સ્કિલ્સ કાઉન્સિલ (એલ.એસ.સી. Learning and Skills Council - LSC) દ્વારા આર્થિક રાહત આપવામાં આવેલી છે - જે માટે તમારે કદાચ કેટલીક ફી ચૂકવવી પડે અથવા અભ્યાસક્રમ તદ્દન મફત પણ હોઈ શકે. આની જાણકારી મેળવવા માટે તમારે તમારી સ્થાનિક કોલેજનો સંપર્ક કરવો જોઈએ. તેમની પોતાની કદાચ વેબસાઈટ અથવા એનરોલમેન્ટ ફોન લાઈન હશે, અથવા તમારે કદાચ રૂબરૂ ત્યાં જવું પડે.

નીચેના ટેબલમાં અમુક લોકોનાં જૂથો બતાવેલાં છે જેઓ એલ.એસ.સી. દ્વારા ભંડોળ પ્રાપ્ત અભ્યાસક્રમો માટે લાયક બની શકે.

આમાં બધી જ પરિસ્થિતિઓને આવરી લેવામાં આવી નથી. તમારી પોતાની પરિસ્થિતિના આધારે તમારી સ્થાનિક કોલેજ તમને સલાહ આપી શકશે.

| <u>એલ.એસ.સી. દ્વારા ભંડોળ પ્રાપ્ત અભ્યાસક્રમો માટેની લાયકાતઃ</u> | <u>પુરાવાના ઉદાહરણો</u> |
|---|---|
| બ્રિટિશ નાગરિકો | યુકે અથવા નોર્ધન આયરલેન્ડના પાસપોર્ટ્સ<br>સર્ટિફિકેટ ઓફ નેચ્રલાઈઝેશન<br>બ્રિટિશ નાગરિકો તરીકે નોંધણી (રજિસ્ટ્રેશન) |
| 3 વર્ષથી યુકેમાં સ્થાયી થયેલાં<br>(અથવા તેમના પતિ કે પત્ની અથવા સિવિલ પાર્ટનર જેઓ યુકેમાં 1 વર્ષથી રહેતાં હોય) | *તેમને યુકેમાં રહેવાનો અધિકાર (રાઈટ ઓફ અબોડ ઈન યુકે) અથવા દેશમાં પ્રવેશવાની કે રહેવાની અનિશ્ચિત મુદતની મંજૂરી (ઈનડેફિનેટ લીવ ટુ એન્ટર ઓર રીમેઈન)*<br>મળેલી છે તેવો સિક્કો લગાવેલો પાસપોર્ટ<br>હોમ ઓફિસનો પત્ર |
| યુકેની સરકાર તરફથી શરણાર્થી (રેફ્યુજી) તરીકેનો હોદ્દો મળેલો હોય (અથવા તેમના પતિ કે પત્ની અથવા સિવિલ પાર્ટનરને)<br>જુઓ નોંધ 1 | હોમ ઓફિસનો દસ્તાવેજ |
| ઈયુ (EU)ના નાગરિક અથવા ઈઈએ (EEA)ના માઈગ્રન્ટ વર્કર જેઓ 3 વર્ષથી ઈઈએમાં રહેતાં હોય (અથવા તેમના પતિ કે પત્ની અથવા સિવિલ પાર્ટનર કે બાળક)<br>જુઓ નોંધ 2 | ઈયુ (EU) પાસપોર્ટ |

નોંધ

1. આમાં જે કોઈને પણ રેફ્યુજીનો હોદ્દો આપવાનો ઈનકાર કરવામાં આવ્યો હોય <u>પરંતુ</u> તેમને સેક્રેટરી ઓફ સ્ટેટ દ્વારા રહેવાની પરવાનગી આપવામાં આવેલી હોય, હ્યુમેનિટેરિયન પ્રોટેક્શન (માનવીય સુરક્ષા) અથવા ડિસ્ક્રેશનરી લીવ (મરજી અનુસારની રજા) આપવામાં આવેલી હોય, અથવા યુકેની સરકાર દ્વારા દેશમાં પ્રવેશવાની કે રહેવાની અપવાદરૂપ રજા આપવામાં આવેલી હોય, અને તે રીતે માન્યતા મળ્યા બાદ જેઓ યુકે અને આઈલેન્ડ્સમાં સાધારણ રહેવાસીની જેમ રહેલાં હોય (અથવા તેમના પતિ કે પત્ની કે સિવિલ પાર્ટનર અથવા તેવી વ્યક્તિનું બાળક).

જે અસાયલમ સીકરો 6 મહિના પછી પણ તેમની અરજી ઉપર કાર્યવાહી થવાની રાહ જોઈ રહ્યાં હોય તેઓ એલ.એસ.સી. દ્વારા ભંડોળ પ્રાપ્ત અભ્યાસક્રમો માટે લાયક બનશે.

2. અહીં ઈઈએમાં ઈયુ, આઈસલેન્ડ, લિક્ટેન્શાઈન, સ્વિટ્ઝરલેન્ડ અને નોર્વેને આવરી લેવામાં આવે છે.

જૂન 2007માં પ્રકાશિત 